**યુનિવર્સિટી હસ્તકના ત્રણેય કીસાનઘરોનું નવું નામાભિકરણ કરવા બાબત...**

# –: જાહેરનામું :–

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૮.૩થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**"નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે ખેડૂતોની રહેઠાણ વ્યવસ્થા માટે હાલ ઓલ્ડ કીસાનઘર, ન્યુ કીસાનઘર અને આર.કે.વી.વાય. હોસ્ટેલ નામે ત્રણ કીસાનઘરોની સુવિધા ઉપલબ્ધ છે, જેનું નવું નામાભિકરણ (ઓળખ) અનુક્રમે "બલરામ કૃષિકાર ભવન", "સરદાર કૃષિકાર ભવન" અને "શાસ્ત્રી કૃષિકાર ભવન" રાખવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે."**

| અ.નં. | કીસાનઘરોની હાલની ઓળખ(નામ) | નવું નામાભિકરણ (ઓળખ) |
|---|---|---|
| ૧ | ઓલ્ડ કીસાનઘર | બલરામ કૃષિકાર ભવન |
| ૨ | ન્યુ કીસાનઘર | સરદાર કૃષિકાર ભવન |
| ૩ | આર.કે.વી.વાય. હોસ્ટેલ | શાસ્ત્રી કૃષિકાર ભવન |

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૮/ટી–૧/વેબ–૨૭(૧)/૨૦૧૬
નવસારી તા.૩૦/૦૮/૨૦૧૬

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**

૧. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. કાર્યક્રમ વ્યવસ્થાપક, સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારું.

**રાજય સરકાર પ્રેરિત નવો ૬ માસનો "સર્ટીફીકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન શરૂ કરવા તથા "ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમ બંધ કરવા બાબત...**

# –: જાહેરનામું :–

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૮.૧૦થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**"આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકાર પ્રેરિત નવો ૬ માસનો "સર્ટીફીકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન શરૂ કરવો તથા ચોથી બેચનો અભ્યાસક્રમ પૂર્ણ થાય પછી હાલ ચાલતો "ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમ બંધ કરવો."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૮/ટી–૧/વેબ–૨૭(૨)/૨૦૧૬
નવસારી તા.૩૦/૦૮/૨૦૧૬

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. ઈન્ચાર્જ, એગ્રો આઈ.ટી.આઈ., એટીક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારું.

**બેકરીશાળાના સુધારેલ વિનિયમો મંજૂર કરવા બાબત...**

# –: જાહેરનામું :–

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની આઠમી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૮.૧૧થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**''આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી બેકરીશાળાના પ્રવેશ, હાજરી, પરીક્ષા અને શિસ્તના નવા સુધારેલ વિનિયમો આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબ મંજૂર કરવામાં આવે છે અને તેનો અમલ આગામી બેચથી કરવો.''**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૮/ટી–૧/વેબ–૨૭(૩)/૨૦૧૬
નવસારી તા.૩૦/૦૮/૨૦૧૬

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, બેકરીશાળા, નકૃયુ, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારું.

# પરિશિષ્ટ–૧

## બેકરી તાલીમના ૨૦ અઠવાડિયાના પ્રમાણપત્ર અભ્યાસક્રમના પ્રવેશ, હાજરી, પરીક્ષા અને શિસ્તના સુધારેલ વિનિયમો

(તા.૦૬/૦૮/૨૦૧૬ના રોજ નવસારી ખાતે મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદના મુદ્દા નં.૮.૧૧ અન્વયે મંજૂર થયેલ)

---

## ૧. પ્રવેશના વિનિયમો :

૧.૧ પ્રવેશ મેળવવા માટેની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત (૧) ન્યુ એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ અથવા (૨) ધોરણ–૯ પાસ અને બેકરી કામગીરીના બે વર્ષના અનુભવ અંગે બેકરી/સહકારી/સરકારી/શૈક્ષણિક સંસ્થાનુ પ્રમાણપત્ર ધરાવતાં હોય તેવા ઉમેદવારને યોગ્યતા પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

૧.૨ પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષ શરૂ થવાના દિવસે ૧૫ થી ૪૦ વર્ષ સુધીની હોવી જોઈએ.

૧.૩ પ્રવેશ અંગેની જાહેરાત રાજયકક્ષાના કોઈપણ ગુજરાતી દૈનિક સમાચાર પત્રમાં અભ્યાસક્રમ શરૂ થતાં અગાઉ એક માસ પહેલાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

૧.૪ બેકરીશાળામાં પ્રતિ વર્ષ ૨૦ અઠવાડિયાના બે તાલીમ વર્ગો યોજવામાં આવશે.

૧.૫ પ્રવેશ માટેની અનામત બેઠકોની ટકાવારી સરકારશ્રીના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧.૬ વિકલાંગ ઉમેદવાર જે જાતિનો હોય તેમાં તે બેઠકની ગણતરી કરવામાં આવશે. તદ્‌ઉપરાંત ગુજરાત રાજયના પારસી જાતિના ઉમેદવારો માટે પ્રવેશક્ષમતા ઉપરાંત વધારાની ૧ (એક) બેઠક અનામત રહેશે. જો પારસી જાતિના ઉમેદવારો ન મળે તો આ બેઠક સામાન્ય ઉમેદવારોથી ભરવાની રહેશે નહી. જો અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો નહીં મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી પ્રમાણે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

૧.૭ પ્રવેશ માટે અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેનો દાખલો સરકારશ્રીએ ઠરાવેલ નિયમોનુંસાર જે તે સક્ષમ અધિકારી પાસેથી મેળવીને તેની પ્રમાણિત નકલ અરજીફોર્મ સાથે રજૂ કરવાની રહેશે.

૧.૮ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના/બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી (નોન ક્રીમીલેયર) તેવું ચાલુ વર્ષનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧.૯ બેકરીશાળા, નવસારીની બેચ દીઠ પ્રવેશક્ષમતા ૧૬ વિદ્યાર્થીઓની રહેશે. બેકરીશાળામાં ઉપલબ્ધ ભૌતિક સગવડોને ધ્યાને લઈને યુનિવર્સિટીને યોગ્ય જણાય તો વધારાના ૪ વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે અગ્રતાક્રમ અનુસાર પ્રવેશ આપવાની સત્તા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી પાસે રહેશે.

૧.૧૦ પ્રવેશ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત (ન્યુ એસ.એસ.સી.) ઉપરાંત નીચે દર્શાવેલ વધારાની લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રવેશ માટે તેની સામે જણાવ્યા મુજબ ભારાંક (વેઈટેજ) આપવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ● | ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (સામાન્ય પ્રવાહ) | : | ૨ % |
| ● | ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (વિજ્ઞાનપ્રવાહ) | : | ૩ % |
| ● | સામાન્ય પ્રવાહમાં સ્નાતક પદવી | : | ૪ % |
| ● | વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતક પદવી | : | ૫ % |
| ● | સામાન્ય પ્રવાહમાં અનુસ્નાતક | : | ૬ % |
| ● | વિજ્ઞાન પ્રવાહમાં અનુસ્નાતક | : | ૭ % |

**નોંધ :** કોઈપણ ઉમેદવારને ૭ ટકાથી વધુ ભારાંક મળવાપાત્ર રહેશે નહીં.

૧.૧૧ એક કરતાં વધુ પ્રયત્નોથી ન્યુ એસ.એસ.સી પરીક્ષા પાસ કરેલ ઉમેદવારના દરેક વધારાના પ્રયત્ન દીઠ ૩ (ત્રણ) ટકા કપાત કરવામાં આવશે.

૧.૧૨ અરજીફોર્મ ભરનાર ઉમેદવારના પિતા હયાત ન હોય તેવા કિસ્સામાં જ ઉમેદવારે અરજીફોર્મમાં પિતાના બદલે વાલીની સહી કરાવવાની રહેશે.

૧.૧૩ બેકરી, સહકારી, સરકારી અથવા શૈક્ષણિક સંસ્થા દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારે તેના અરજીપત્રકમાં પિતાના બદલે ભલામણ કરાયેલ સંસ્થાના વડાના સહી/સિકકા કરાવવાના રહેશે તેમજ ભલામણ પત્ર સંસ્થાના છાપેલા લેટરપેડ ઉપર રજુ કરવાનો રહેશે.

૧.૧૪ પ્રવેશ મેળવવા માટેના સૂચિપત્ર/પ્રવેશ ફોર્મ સમાચારપત્રોમાં આપેલ જાહેરાતમાં જણાવ્યા મુજબ બેકરીશાળા માંથી મેળવી લઈને સંપૂર્ણ વિગતો ભરેલ અરજીપત્રક નિયત સમયમર્યાદામાં મોકલી આપવાના રહેશે.

૧.૧૫ સૂચિપત્ર/પ્રવેશ ફોર્મની કિંમત રૂા. ૧૦૦/– રહેશે.

૧.૧૬ ઉમેદવારે ભરેલ અરજીફોર્મ સાથે નીચે મુજબના પ્રમાણપત્રોની નકલો સામેલ કરવાની રહેશે.

૧. એસ.એસ.સી.(ધો–૧૦)ની માર્કશીટ

૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)

૩. ધોરણ–૯ પાસ પર પ્રવેશ માટે (ધો–૯)ની માર્કશીટ અને બેકરીકામના અનુભવ અંગેનું જે તે સંસ્થાના છાપેલા લેટરપેડ ઉપર પ્રમાણપત્ર

૪. એસ.એસ.સી. પરીક્ષા કેટલા પ્રયત્ને પાસ કરી છે તે દર્શાવતું પ્રમાણપત્ર
(ટ્રાયલ સર્ટિફીકેટ/એટેમ્પ્ટ સર્ટિફીકેટ)

૫. એચ.એસ.સી.(ધો–૧૨)/ સ્નાતક/અનુસ્નાતક પાસ કરેલ હોય તો તેની માર્કશીટ

૬. અનામત બેઠકોના ઉમેદવારોએ સક્ષમ અધિકારીશ્રી તરફથી મેળવેલ જાતિનો દાખલો

૭. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવું ચાલુ નાણાકિય વર્ષનું જે તે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

૮. શારીરિક ખોડખાંપણ અંગે સિવિલ હોસ્પીટલના અધિકારીશ્રીનું પ્રમાણપત્ર

૯. પારસી બેઠકના ઉમેદવારે ગુજરાત રાજયની પારસી કોમ્યુનિટી અંગેનું પ્રમાણપત્ર

૧.૧૭ શાળામાં ઉમેદવારને પ્રવેશ આપવા માટે નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અથવા તે નિયુકત કરે તે તાંત્રિક અધિકારી | : | અધ્યક્ષ |
| ૨. | યુનિવર્સિટી હેઠળના કેવિકેમાંથી કોઈપણ એક વિષય નિષ્ણાંત (હોમ સાયન્સ) | : | સભ્ય |
| ૩. | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીશ્રી, બેકરીશાળા | : | સભ્ય સચિવ |

૧.૧૮ પ્રવેશ માટે આવેલ તમામ અરજીઓની ચકાસણી કરી પ્રવેશપાત્ર થતી અરજીઓમાંથી મેરીટને આધારે ઉમેદવારોને રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે બોલાવવાના રહેશે. ઈન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારોમાંથી રૂબરૂ મુલાકાત વખતે પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોના કુલ પ્રવેશપાત્ર મેરીટને ધ્યાને લઈને અગ્રતાક્રમ મુજબ દાખલશકિતની મર્યાદામાં રહીને પ્રવેશ આપવાનો રહેશે.

૧.૧૯ મેરીટના ધોરણે પ્રવેશ મેળવવાપાત્ર થતા ઉમેદવારો પૈકી જે ઉમેદવારો માનસિક/શારીરિક નબળાઈને લીધે આ અભ્યાસ કરી શકે તેમ ન હોય તો તેમને પસંદગી સમિતિ પ્રવેશ માટે નાપસંદ કરી શકશે.

૧.૨૦ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત સમયે અરજીફોર્મમાં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો/માર્કશીટ રજુ કરવાના રહેશે તેમજ ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.

૧.૨૧ પસંદગી સમિતિ દ્વારા પ્રવેશ માટે પસંદગી થયેલ ઉમેદવારોએ પ્રવેશ મળે કે તુરત જ નીચે મુજબની શૈક્ષણિક ફી/અનામતની રકમ બેકરીશાળાની કચેરીમાં ભરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રયોગશાળા અનામત | રૂા. ૨૦૦/– | (પરત મળવાપાત્ર) |
| ૨. | છાત્રાલય અનામત | રૂા. ૧૦૦/– | (પરત મળવાપાત્ર) |
| ૩. | કોશન મની | રૂા. ૧૦૦/– | (કોર્ષ પુરો કરે તેને પરત મળવાપાત્ર) |
| ૪. | ઓળખપત્ર ફી | રૂા. ૨૦/– | (પરત મળવાપાત્ર નથી) |
| ૫. | પરીક્ષા ફી | રૂા. ૫૦/– | (પરત મળવાપાત્ર નથી) |
| ૬. | ગુણપત્રક ફી | રૂા. ૪૦/– | (પરત મળવાપાત્ર નથી) |
| ૭. | પ્રમાણપત્ર ફી | રૂા. ૪૦/– | (પરત મળવાપાત્ર નથી) |
| ૮. | રીવોલ્વીંગ ફંડ (વસ્તુ વપરાશ ખર્ચ) | રૂા. ૪૫૦/– | (પરત મળવાપાત્ર નથી) |
| | **કુલ** | **રૂા. ૧૦૦૦/–** | |

૧.૨૨ ફી/અનામતની રકમ નીચે જણાવેલ યુનિવર્સિટીના હિસાબી સદર હેઠળ જમા કરાવવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | કોશન મનીની અનામત | યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અનામતના "૧૯૭૦૩" કોશન મની અનામત સદરે |
| ૨. | છાત્રાલય અનામત | યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અનામતના "૧૯૭૦૪" બેકરીશાળા હોસ્ટેલ અનામતના સદરે |
| ૩. | પ્રયોગશાળા અનામત | યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અનામતના "૧૯૭૦૪" બેકરીશાળા હોસ્ટેલ અનામતના સદરે |
| ૪. | ઓળખપત્ર ફી, પરીક્ષા ફી, ગુણપત્રક ફી અને પ્રમાણપત્ર ફી | યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં બેકરીશાળાના બ.સ."૬૨૨૮–૦૧" |
| ૫. | રીવોલ્વીંગ ફંડ | બેકરીશાળાના રીવોલ્વીંગ ફંડ હિસાબી સદર "૯૫૧૦–એન–૮" |

૧.૨૩ રીવોલ્વીંગ ફંડમાં જમા થયેલ રકમનો ખર્ચ બેકરીશાળાના વિકાસ માટે કરવાનો રહેશે.

૧.૨૪ અનામતની રકમ પરત કરતાં પહેલા વિદ્યાર્થી પાસે યુનિવર્સિટીની કોઈ લેણી રકમ વસુલ કરવાની બાકી રહેતી નથી તે અંગેની પુરતી ચકાસણી કર્યા પછી જ અનામતની રકમ પરત કરવાની રહેશે.

૧.૨૫ જે વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કર્યા સિવાય અડધેથી કેન્દ્ર છોડી જાય તેઓને આ કોશન મનીની રકમ પરત મળવાપાત્ર નથી, જે યુનિવર્સિટી ફંડમાં જમા કરી દેવાની રહેશે.

## ૨. હાજરીના વિનિયમો :

૨.૧ પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦ % હાજરી જરૂરી રહેશે.

૨.૨ જે વિદ્યાર્થી શાળાના કામકાજના દિવસે લેખિત (Theory) અથવા પ્રાયોગિક (Practical) શિક્ષણના કોઈપણ એક તાસમાં ગેરહાજર રહેશે તો તે વિદ્યાર્થીની આખા દિવસની ગેરહાજરી ગણાશે.

૨.૩ અપૂરતી હાજરી અથવા અધવચ્ચેથી અભ્યાસ છોડી જનાર વિદ્યાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

૨.૪ કોઈ વિદ્યાર્થીની ૮૦ % કરતા ઓછી હાજરી થાય તો જે તે કીસ્સાની યોગ્યતા તપાસીને શાળાના વડાની ભલામણથી વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવા/ન દેવાની મંજૂરી આપવાની સત્તા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી પાસે રહેશે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી પાસે આવી મંજૂરી આપવાની સત્તા વધુમાં ૫ % હાજરી સુધીની રહેશે.

## ૩. પરીક્ષાના વિનિયમો :

૩.૧ ૨૦ અઠવાડીયાના બેકરી તાલીમ વર્ગ દરમ્યાન સામાન્ય રીતે આઠમા અને સોળમા અઠવાડિયા દરમ્યાન અનુક્રમે પ્રથમ અને દ્વિતીય આંતરિક પરીક્ષા લેવામાં આવશે તેમજ ૨૦માં અઠવાડીયા દરમ્યાન અંતિમ પરીક્ષા લેવામાં આવશે.

૩.૨ બેકરીશાળાનો પરીક્ષા કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

| અ. નં. | વિષય | પ્રથમ આંતરિક પરીક્ષા | | દ્વિતિય આંતરિક પરીક્ષા | | અંતિમ પરીક્ષા | | કુલ માર્કસ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | થીયરી | પ્રેકટીકલ | થીયરી | પ્રેકટીકલ | થીયરી | પ્રેકટીકલ | થીયરી | પ્રેકટીકલ |
| ૧ | બ્રેડ મેકીંગ | ૧૫ | ૧૦ | ૧૫ | ૧૦ | ૩૦ | ૨૦ | ૬૦ | ૪૦ |
| ૨ | બેઝીક સાયન્સ | ૧૫ | ૧૦ | ૧૫ | ૧૦ | ૩૦ | ૨૦ | ૬૦ | ૪૦ |
| ૩ | કન્ફેકશનરી | ૧૫ | ૧૦ | ૧૫ | ૧૦ | ૩૦ | ૨૦ | ૬૦ | ૪૦ |
| ૪ | રીલેટેડ સ્ટડી | ૩૦ | – | ૩૦ | – | ૪૦ | – | ૧૦૦ | – |

૩.૩ આંતરિક અને અંતિમ પરીક્ષાના કુલ ૧૦૦ ગુણમાંથી પાસ થવા માટે જે તે વિષયમાં લેખિત (Theory) તેમજ પ્રાયોગિક (Practical) માં ઓછામાં ઓછા ૫૦ % ગુણ મેળવવાના રહેશે.

૩.૪ પાસ થયેલ ઉમેદવારને તેમણે મેળવેલ ટકાના આધારે નીચે મુજબ શ્રેણી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | પાસ શ્રેણી | ૫૦% કે તેથી વધુ અને ૬૦% થી ઓછા |
| ૨. | દ્વિતિય શ્રેણી | ૬૦% કે તેથી વધુ અને ૭૦% થી ઓછા |
| ૩. | પ્રથમ શ્રેણી | ૭૦% કે તેથી વધુ અને ૮૦% થી ઓછા |
| ૪. | વિશિષ્ટ શ્રેણી (Distinction) | ૮૦% કે તેથી વધુ |

૩.૫ જો કોઈ વિદ્યાર્થી એક અથવા વધારે વિષયોમાં જરૂરી ગુણ મેળવવામાં નિષ્ફળ જશે તો તેને નાપાસ જાહેર કરવામાં આવશે. આવો વિદ્યાર્થી રીપીટર તરીકે રૂા.૨૦૦/– ફી ભરીને પુનઃ પરીક્ષામાં બેસી શકશે. નાપાસ થયેલ વિદ્યાર્થી વધુમાં વધુ ત્રણ વખત પરીક્ષા આપી શકશે.

૩.૬ પુનઃ પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થી જે વિષયમાં નાપાસ થયો હોય તે વિષયની લેખિત (Theory) તેમજ પ્રાયોગિક (Practical) એમ બંને પરીક્ષા આપવાની રહેશે.

૩.૭ બેકરીશાળામાં જે વિદ્યાર્થી કોઈપણ એક વિષયમાં પાંચ અથવા પાંચથી ઓછા માર્કસને લીધે નાપાસ થતો હોય તો તેવા કીસ્સામાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી વધુમાં વધુ પાંચ "કૃપા ગુણ" આપીને તેને પાસ જાહેર કરી શકશે. આ કૃપા ગુણની ગણતરી ખરેખર કુલ મેળવેલ ગુણના સરવાળામાં અને શ્રેણીમાં કરવામાં આવશે નહીં.

૩.૮ માંદગી સિવાયના અન્ય કારણોસર જે વિદ્યાર્થી પ્રથમ અને દ્વિતિય આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહેશે તો તેને અંતિમ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૩.૯ જે તાલીમાર્થીનું ગુણપત્રક કે પ્રમાણપત્ર ગુમ થઈ જાય અને શાળા પાસે માંગણી કરવામાં આવે તો તે તાલીમાર્થી પાસેથી દરેકની રૂા. ૨૦૦/– લેખે ફી લઈને ડુપ્લીકેટ ગુણપત્રક કે પ્રમાણપત્ર કાઢી આપવાનું રહેશે.

## ૪. શિસ્તના વિનિયમો :

૪.૧ નીચે જણાવ્યા પ્રમાણેની બાબતો વિદ્યાર્થીની અશિસ્તને ગેરવર્તણુંક તરીકે ગણવામાં આવશે અને તે અંગે દંડ અને / અથવા શાળા બરતરફી વિ. શિક્ષાત્મક પગલા નિયમોનુસાર શાળાના વડાશ્રી લઈ શકશે.

૧. યુનિવર્સિટી વિસ્તારમાં દાહક, સ્ફોટક, તીક્ષ્ણ કે વિનાશક હથિયારો રાખે કે તેનો ઉપયોગ કરે તો.

૨. માદક, કેફી કે ઝેરયુકત પદાર્થો રાખે કે તેનો ઉપયોગ કરે તો.

૩. અન્ય વિદ્યાર્થી / વિદ્યાર્થીનીને હેરાનગતિ/પરેશાની કે બિભત્સ વર્તન કરે અથવા કરાવે તો.

૪. સંસ્થાનું હિત જોખમાય તેવી પ્રવૃત્તિઓ જેવી કે સભા, દેખાવ, હડતાલ, જુથબંધી કે સરઘસ કરે/કાઢે તો.

૫. યુનિવર્સિટીની અસ્કયામતો / મિલ્કતોને કોઈપણ પ્રકારનું નુકશાન, ભાંગફોડ કે ચોરી કરે તો.

૬. યુનિવર્સિટીના નિયમો, આદેશ કે સૂચનાઓનો અનાદર કે ઉલ્લઘંન કરે તો.

૭. અન્ય વિદ્યાર્થીને અભ્યાસમાં ખલેલ પહોચાડે તો.

૮. શિક્ષણ કાર્ય કે પરીક્ષાનો બહિષ્કાર/અવરોધ કરે તો.

૯. યુનિવર્સિટીની બેઠકો, રમત ગમત, સાંસ્કૃતિક કે અન્ય કાર્યક્રમોમાં અવરોધ કરે તો.

૧૦. કોઈપણ વિદ્યાર્થીઓની ચીજવસ્તુ/રોકડ રકમની ચોરી કરે તો.

૧૧. યુનિવર્સિટીના અધિકારીઓ, શિક્ષકો, કર્મચારીઓ, છાત્રાલયના વહીવટકર્તાઓ સાથે ગેરવર્તાવ કરે તો.

૧૨. સંસ્થાની મુલાકાતે આવનાર મુલાકાતીઓ, કર્મચારીઓના કુટુંબીજનો અને અન્ય સંસ્થાના વિદ્યાર્થીઓ સાથે ઝગડો કરી અગવડતા ઉભી કરે, મુશ્કેલી ઉભી કરે, ઉશ્કેરાઈ જાય, ઈજા કે નુકશાન પહોંચાડે તો.

૧૩. પ્રયોગશાળા, છાત્રાલય અને સંસ્થાના સાધનો, વીજળી પ્રવાહ, પાણી વિ. નો દૂરોપયોગ કરે તો.

૧૪. ચારિત્ર્ય સબંધી શંકાશીલ ચાલચલગત જણાય તો.

૪.૨ ઉપર દર્શાવ્યા મુજબની અશિસ્ત કે ગેરવર્તણુંકના કીસ્સામાં શાળાના વડા જે તે વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને સાંભળ્યા પછી યોગ્ય નિર્ણય લઈને નીચે મુજબના શિક્ષાત્મક પગલાં લઈ શકશે.

૧. ગુન્હાની ગંભીરતા મુજબ રૂા.૧૦૦/– થી રૂા.૫૦૦/– સુધીનો દંડ કરી શકશે.

૨. યુનિવર્સિટીની જે મિલ્કત/સાધન સામગ્રીને જેટલું નુકશાન પહોંચાડયું હોય તેની પ્રવર્તમાન કિંમતની વસુલાત ઉપરાંત દંડ પણ કરી શકશે.

૩. યુનિવર્સિટીની અસ્કયામતોની ચોરી કરી હોય તેવા કિસ્સામાં ગુન્હાની ગંભીરતા જોઈને તેની વસુલાત ઉપરાંત જરૂર પડયે કાનૂની કાર્યવાહી કરી શકાશે.

૪.૩ શાળામાંથી બરતરફ કરવાના સંજોગો ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીને રૂબરૂ સાંભળ્યા બાદ શાળાના વડાએ સૌ પ્રથમ તે વિદ્યાર્થીનો અભ્યાસ મોકુફ રાખવો અને ત્યારબાદ તેમને બરતરફ કરવા અંગેની વિગતવાર દરખાસ્ત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને મોકલી આપવી. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૪.૪ જયારે વિદ્યાર્થી અજુગતી માંગણી સબબ હડતાલ/ધરણાં અથવા અન્ય શૈક્ષણિક બહિષ્કારના કાર્યક્રમોનો આશરો લે તેવા સંજોગોમાં શાળાના વડા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની જાણ હેઠળ કુલપતિશ્રીની અનુમતિ મેળવીને છાત્રાલય/શાળાની તાળાબંધી કરી શકશે.

–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–